ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

<u>અખબારી યાદી</u>

તા: ૧૨/૧૨/૨૦૧૫

પ્રતિ,
તંત્રીશ્રી,

.............................,
ભાવનગર.

## કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા તાલુકાની શાળાઓમાં યોજાયેલ અંધશ્રધ્ધા નિર્મૂલન કાર્યક્રમો

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર જિલ્લાની ગ્રામ્ય તેમજ શહેરની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં વર્ષ દરમિયાન વિવિધ વૈજ્ઞાનિક કાર્યક્રમો કરવામાં આવે છે.

જેના અનુંસંધાને ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળાઓમાં અનુક્રમે તા.૪, ૯ અને ૧૧ ડિસેમ્બરનાં રોજ બાંભણિયાવાડી પ્રાથમિક શાળા, ભડભડીયા પ્રાથમિક શાળા, તા.ભાવનગર, ઈશ્વરિયા પ્રાથમિક શાળા અને રામધરી પ્રાથમિક શાળા તા. સિહોર તેમજ એમ.એસ.ડબલ્યુ ડિપાર્ટમેન્ટ (M.K.B.Uni. Bhavnagar) ખાતે વિધાર્થીઓ ને ટ્રેનિંગરૂપે અંધશ્રધ્ધા નિર્મૂલન કાર્યક્રમ યોજવામાં આવેલ. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ સમાજમાં વ્યાપેલ અંધશ્રધ્ધા વિશે જાગૃતતા લાવવાનો છે, જેના દ્વારા જુની અને વર્તમાન પેઢીઓમાં પ્રવર્તેલી માન્યતાઓમાં બદલાવ લાવી નવા વૈજ્ઞાનિક વિચારો વિકસે અને કોઈપણ બાબત પર વૈજ્ઞાનિક દ્રષ્ટીકોણથી વિચારતા થાય તેવો છે.

આ કાર્યક્રમાં અંધશ્રધ્ધા એટલે શું? તેની જાણકારી આપી સમાજમાં રહેલ અંધશ્રધ્ધા પાછળનાં વૈજ્ઞાનિક કારણોની પ્રાયોગિક સમજણ આપેલ. ઉપરાંત આપણા ઋષિમુનીઓ કેવા દીર્ઘદ્રષ્ટા અને વૈજ્ઞાનિક અભિગમ ધરાવતાં હતા તે આપણા સમાજમાં જોવા મળતી માન્યતા પાછળના વૈજ્ઞાનિક કારણોની માહિતી આપેલ.

સમગ્ર કાર્યક્રમ દરમિયાન શાળાના તેમજ ડિપાર્ટમેન્ટના આચાર્યશ્રી તથા શિક્ષકોએ પૂરતો સહકાર આપેલ. આ કાર્યક્રમનો કુલ મળીને ૮૭૦ જેટલા વિધાર્થીઓએ લાભ લીધેલ.

(હર્ષદ જોષી)
ઓફિસ ઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.